## સલામી સવારની..



**સુપ્રભાતમ્**
**સુરેશ પ્રા. ભટ્ટ**
99789-26251

*સંબંધોનો વિશ્વાસ જીતીને પજવણી થાય છે,*
*ના-તાલ, ને મેલ ભવાઈની ભજવણી થાય છે*
*લજવણી થાય છે સંસાર-સમાજમાં બેહદ -*
*લાગે ન વળગે, બ્હાનું મળે, ઉજવણી થાય છે...*

**હાઈકુ**

*લગ્ન કોઈનાં -*
*ને નાચે અબ્દુલાઓ,*
*થાય છે ગાંડા...*
*(ખાણી-'પીણી'ની ખૂશાલી)*

*નવા વર્ષની,*
*છે હાર્દિક શુભેચ્છા,*
*જય હો ખ્રિસ્ત*
*(ક્રિસ્મસ મુબારક)*

### ચિંતન

*ધર્મમૂલે સત્યદાન ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ધર્મ જ સત્ય અને દાનનો જન્મદાતા છે.

ધર્મ જ મનુષ્યના સત્યની રક્ષા કરે છે અને એને અન્યોના કલ્યાણ માટે પ્રેરે છે. અન્યોનાં કલ્યાણ કરવા માટે મનુષ્યને કોઈને કોઈ ત્યાગ કરવો પડે છે. અને ત્યાગ જ સાચું દાન છે, આથી સત્ય અને ત્યાગ એ બંનેનો જન્મદાતા ધર્મ જ છે.

ધર્મ એટલે જ કર્તવ્ય નિષ્ઠાથી સત્યનું આચરણ. જ્યાં સત્ય ત્યાં જ ધર્મ - ધર્મ ત્યાં સમૃદ્ધિ - સમૃદ્ધિની દાનવૃત્તિ આવે છે. આમ ધર્મચક્ર ચાલતું રહે છે. ધર્મના, સત્ય અને દાન બે પૈડાં છે.

### સુવિચાર

- કલ કી ચિન્તા નહીં, કલકી ઉત્સુકતા હોની ચાહીયે - **ઓશો**
- જીવન એક વસ્ત્ર સમાન છે, તેને દુઃખનાં પાણીમાં ડૂબાડો, વજનદાર થઈ જશે, આધ્યાત્મિક સુખની હવામાં સૂકવો, જેથી એ હલકું થઈ જશે - **એસ. ભટ્ટાચાર્ય**
- તેં બનાવ્યા એક સરખાં એ જ તારી ભૂલ ભગવાન,... માણસાઈ ના હોય જેમાં... એ પણ માણસ લાગે છે - **મોરારિ બાપુ**
- જીવનનો ફયુઝ ઉડે તે પહેલાં, તેનો સાચો યુઝ કરજો - **હિરેન ભટ્ટ**
- આ દુનિયામાં ભગવાનને યાદ કરવા વાળા સારા કર્મ કરવા વાળા વધુ સુખી છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- જેનો અહંકાર ગયો તે ભગવાન થયો! અહંકાર, છે ત્યાં સુધી જીવાત્મા, અહંકાર ગયો તો થઈ ગયો પરમાત્મા - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : અવાજ બેસી ગયો હોય તો અક્કલકરોનું મૂળ ચૂસવાથી અવાજ ખૂલી જાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

૧૮ વર્ષની દીકરી લાડ કરે અને મા-બાપ મને-કમને ખર્ચા કરે. દીકરીએ મા-બાપને કહ્યું, ડીઝાઈનર જીન્સ ખરીદવું છે. ચારસો રૂપિયાના સાદા જીન્સની સામે પંદરસો રૂપિયાનું જીન્સ. લાવી આપવું પડ્યું. મા-બાપ બેવ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે.

એકવાર ઘરની નજીકના મેદાનમાં પ્રદર્શન ભરાયું જેમાં 'માઈક્રોવેવ' જે નવું નવું આવ્યું હતું. તેના સ્ટોલમાં સેલ્સ અને પ્રમોશન કરવાનું કામ દીકરીએ સ્વેચ્છાએ સ્વિકાર્યું રોજ સવારે દસથી રાત્રે દસ વાગ્યા સુધી સાત દિવસ દીકરીએ કામ કર્યું એ રોકડા એક હજાર ચારસો રૂપિયા દીકરી કમાઈ શકી.

પિતાએ કહ્યું, 'બેટા, બીજું ડીઝાઈનર જીન્સ લેવું હોય તો લઈ લો, હવે તો તમને કોઈ ના પાડી શકે તેમ નથી.' 'દીકરી એ કહ્યું, 'રોજ બાર કલાક ખડે પગે મેં કામ કર્યું છે. માઈક્રોવેવ વિશે લોકોને સમજાવતા સમજાવતા જીભના ડૂચા વળી ગયા છે. પગમાં જાણે સોજા ચડ્યા છે, એવા પંદરસો રૂપિયા મારે ડિઝાઈનર જીન્સમાં વાપરવા નથી.'

છેવટે જીન્સ તો ચારસોવાળું જ લીધું અને પિતાએ વાત વાતમાં કહ્યું, 'બેટા, તારા મમ્મી-પપ્પાને નોકરી કરવા ત્રણસો પાંસઠ દિવસ જવું પડે છે, હવે તને સાત દિવસમાં પૈસાની કિંમત સમજાય છે, માટે થેંક ગોડ.'

# ૩૧ ડિસેમ્બર : આત્મનિરીક્ષણનું પર્વ

**તંત્રીસ્થાનેથી...**

ઈસુના વરસનો છેલ્લો દિવસ એટલે દુનિયાભરમાં એક સમયના ટુકડાનો અંત. સમયના એક ટાપુનો છેડો. મધરાતે બાર ડંકા પડશે અને દુનિયા કૂદતો મારીને એક નવા ટાપુ પર ખાબકશે. ૨૦૧૮ની સાલમાં પ્રવેશ કરશે. સમય સાથેની માનવીની આ હોડ એના પ્રાગૈતિસાહિક કાળથી ચાલતી રહી છે અને અનંત કાળ સુધી ચાલતી રહેશે. ઈસુ પહેલાં પણ માનવજાત હતી અને ઈસુ પહેલાં પણ સમય હતો. એટલે એ સમય માટે આપણે 'ઈસવીસન પૂર્વે' (બિફોર કાઈસ્ટ - B.C.) જેવી સંજ્ઞા વાપરીએ છીએ. ઈસુ ખ્રિસ્તી જગતના આરાધ્ય લોકદેવતા છે. એ પોતાની હયાતી દરમિયાન નહોતા એટલા હયાતી બાદ ફેલાયા છે. દુનિયાનો કોઈ દેશ નથી જ્યાં ખ્રિસ્તી કૅલેન્ડર અને લાકગણનાનો સ્વીકાર ન થયો હોય. દરેક ધર્મના આગવા સંવત્સર છે. હિંદુઓ શક સવંત છે અને વિક્રમ સંવતમાં માને છે. મુસલમાનો પાસે હિજરી સંવત છે. પારસીઓનું જરથોસ્તી સંવત્સર છે. પરંતુ ઈસુનું આ સંવત્સર સર્વમાન્ય છે. આજે કૉલેજના વિદ્યાર્થી કે પ્રોફેસર સુધ્ધાંને કદાચ વિક્રમ કે શક સંવતનું કયું વર્ષ ચાલે છે અને એ મુજબ હિંદુ માસની કેટલામી તિથિ છે એ સવાલ પૂછવામાં આવે તો એ મૂંઝાઈ જશે. કારણ કે હવે આ બધું કમઠાણ ફક્ત મુહૂર્ત જોવા પૂરતું ગોર મહારાજ ટીપણું રાખે છે. તિથિના નિમિત્તે આવતા તહેવારો જરૂર ઊજવીએ છીએ. પરંતુ ભારતીય સંવત્સરનો આપણે મન કશો મહિના નથી. જ્યારે આ પ્રકારનું વૈશ્વિકરણ થઈ જ ચૂક્યું છે ત્યારે ઘડિયાળના કાંટા પાછા ફેરવવાનો મતલબ પણ નથી રહેતો. દુનિયા બહુ આગળ વધી ચૂકી છે અને હવે તો હિંદુસ્તાન પણ પૃથ્વી પરથી મંગળ સુધીની છલાંગ લગાવી ચૂક્યું છે. એટલે સમય સાથે ચેડા કરવાની જરૂર નથી. જરૂર છે સમયનો કસ કાઢી લેવાની, કારણ કે સમય તો આપણે નહોતા ત્યારે પણ હતો અને એ આપણે નહીં હોઈએ ત્યારે પણ હશે. સમયનો એક મર્યાદિત ટુકડો આપણા ફાળે આવ્યો છે. શેરડીના સાંઠાની જેમ એને બરાબર છેલ્લા ટીપા લગી ચૂસી લઈએ તે જરૂરી છે. નહીંતર એ કંઈ આપણી વાટ જોવા નવરો નથી. આજનો દિવસ પૂરો થશે અને સૂરજની પૂર્વ દિશાએથી સૌ પ્રથમ પધરામણી ન્યુઝીલેન્ડ તથા ઓસ્ટ્રેલિયામાં થશે. ઊગતા સૂર્યના દેશનું બિરુદ પામેલા જાપાન અને ચીન પછી ધીમે રહીને ભારતનો નંબર લાગશે. સમય આપણને વહેલા અજવાળતો રહ્યો એટલે પશ્ચિમના ભૌતિકવાદી દેશો કરતાં આપણી પૂર્વની દુનિયા વહેલી સુસંસ્કૃત થઈ. અલબત્ત, એ સંસ્કૃતિના ઘેનમાં બેહોશ થઈ ગઈ એટલે પશ્ચિમ એના કરતાં પ્રગતિકૂચમાં આગળ નીકળી ગયું. વર્ષાન્તે આપણે ગત વર્ષનાં કાર્યોનું સરવૈયું કાઢીએ અને આગામી વર્ષના લક્ષ્યાંકો હાંસલ કરવાનો સંકલ્પ કરીએ. એવું કરશું તો આપણે પેલી જૂની જગદ્‌ગુરુ વાળી ગરિમા સહેલાઈથી પાછી મેળવી શકીશું. જો કે ૩૧ ડિસેમ્બરની રાત મહંદશે નશીલી અને રંગીન બનતી રહી છે તે જોતાં ઈસુના આદર્શો કે ભારતીય સંસ્કૃતિનો એની આવી વિકૃત ઉજવણીમાં તો છેદ જ ઊડતો રહ્યો છે. સમજ્યા ત્યાં શેઢો - ભૂલ્યાં ત્યાંથી ફરી ગણોની ફિલસૂફી સ્વીકારી આત્મનિરીક્ષણ કરવાનો આ અવસર છે. સૌને ૨૦૧૮ મુબારક!

# હરસ-મસા ઓપરેશન વગર મટી શકે છે...!

**આરોગ્ય-દર્શન**
**ડો. શ્રીરામ જી વૈદ્ય**

**(મણકો-૨)**

(૧) જો હરસમાં વધારે સોજો હોય, પીડા વધારે સતાવતી હોય તો હરડે, બહેડા, આમળા, રસાંજન અને લોધ્રના ચૂર્ણને એક ટબમાં નાખવું પછી સહન થઈ શકે એટલું પાણી રહે એટલે દર્દીએ ટબમાં પગ બહાર રાખી બેસવું પાણી નાભિ સુધી આવવું જોઈએ. આ રીતે સવાર-સાંજ કરવાથી હરસમાં પીડા ઓછી થાય છે. હરસ સંકોચાય છે. અને તાત્કાલિક રાહત થાય છે. આ રીતે દરરોજ સવાર-સાંજ ટબમાં ૧૫ થી ૩૦ મિનિટ બેસવું જોઈએ જ્યાં સુધી આ પ્રયોગ ચાલુ રાખવો. સાથે સાથે અર્શશામક મલમ ૧ ભાગ અને જાત્યાદિ મલમ ૪ ભાગ મેળવી એક જંતુરહિત બોટલમાં ભરી રાખવો. એમાંથી દરરોજ મળ વિસર્જન કરતા પહેલા અને પછી આંગળીથી ગુદા બહાર અને ધીમેથી અંદર લગાવવો અને સૂતી વખતે રાત્રે આ જ રીતે લગાવવો - સુકા હરસ હોય તો સવાર-સાંજ કાસિસાદિ તેલ લગાવવું.

(૨) અર્શોહરી વટી - લંબોળીના મીંજ ૧ ભાગ શુદ્ધ રસવંતી ૧ ભાગ, દેશી બાવળની કુમળી શીંગો ૧ ભાગ, મોટી હરડે છીલકાં ૧ ભાગ, ખરલમાં ઘૂંટી મૂળાના પાનનાં રસમાં છ કલાક ખરલ કરવું પછી વટાણા જેવડી ગોળીઓ બનાવવી. સવાર-સાંજ ૧-૧ ગોળી લેવી દરેક પ્રકારના હરસમાં ખુબ જ ઉપયોગી છે. લાંબો સમય શરૂ રાખવી, કબજીયાત માટે ત્રિફળા કે સ્વાદિષ્ઠ વિરોચન લેવું અનુભૂત યોગ છે.

- હરસમાં લોહી પડતું હોય તો અસલી નાગકેસર ચૂર્ણ - ૧ ગ્રામ ઈંદ્રવય ચૂર્ણ - ૧/૨ ગ્રામ, તૃણકાન્ત મણિપિષ્ટી - ૧ રતિ, પ્રવાલ પિષ્ટી કે મુક્તા પિષ્ટી - ૧/૨ રતિ.

દિવસમાં બેય થી ત્રણ વાર સાકર અથવા માખણ સાથે લેવા લાંબો વખત શરુ રાખવો.

- બોરસલીનાં બીનો પ્રયોગ

બોરસલીના ઝાડનાં બી ચોમાસામાં ઘણે ઠેકામે થાય છે, તેનાં બી નંગ-૨૧ સૂકવી ઉપરનું પડ કાઢી નાખી તેમાં ૧૧ દાણા મરીના ભેળવી ઝીણો પાવડર કરી, એક પડીકું તૈયાર કરવું. ચારથી પાંચ આની ભાર પડીકાનું વજન થશે. આખું પડીકું સવારમાં નરણે કોઠે પાણી સાથે લઈ લેવાનું અને ખાસ પરહેજી ગણો કે જે ગણો તે, પડીકું લીધા પછી ૬ કલાક સુધી બેસવાનું નથી, હરવા-ફરવાનું છે, અગર તો ઊભા રહેવું - જેમ અનુકૂળ હોય તેમ કરવું. દર કલાકે-કલાકે મોસંબીના કટકા કરી ચૂસવા. એકંદરે છ મોસંબી વાપરવી, વધારે વાપરવી હોય તો વાપરી શકાય. બીજો કંઈ ખોરાક કે ચા-કોફી આ દરમિયાન લેવા નહીં. બનતા સુધી સવારનો દસ્ત આવ્યા પછી તદન હલકો ખોરાક લેવાનો છે. ગરમ ચીજ લેવાની નથી. આવો નિર્દોષ, સસ્તો અને સરળ ઉપાય અજમાવવાની ભલામણ છે.

● હરસ-મસા માટેની પ્રવાભી ટીકડી : પ્રત્યેક ટીકડીના ઘટકોમાં એળીઓ - ૧૨૦ મિ.ગ્રામ. રસવંતી ૧૨૦ મિ.ગ્રામ અને નીમબીજ ૧૨૦ મિ. ગ્રામ છે. આ ટીકડીની બનાવટ એ આયુર્વેદના ત્રણ પ્રતિષ્ઠિત દ્રવ્યોનું ઉપાદાન છે. એળીઓ યકૃતની ક્રિયાને ઉત્તેજિત કરી પાચન ક્રિયાને સતેજ કરે છે. જેથી આમનું પાચન થાય છે અને પેટ સાફ લાવે છે. રસવંતી એટલે દારુ હળદરની રસક્રિયા. દારુ હળદરમાં બરબેરીન નામનું તત્ત્વ શોધાયું છે અને જેનો ઉપયોગ મરડા, ઝાડામાં કરવા આવ્યો છે. રસવંતી એ હરસ-મસાના સોજામાં દાહ અને બળતરા ઉપરાંત ગુદા દ્વારમાં પડતા ચીરા, (ફીસર)ને રુઝાવી મટાડે છે. હરસ-મસાના એક અનુભૂત દ્રવ્ય તરીકે કરવામાં આવ્યો છે. આ દ્રવ્યના સેવનથી અંદરના કે બહારના મસાના અંકૂરો ધીરે-ધીરે ચીમળાઈ જતાં ખૂબ જ ઝડપી રાહત આપે છે. આ ત્રણે દ્રવ્યોના સંયોજનમાં મૂળાના રસની તેમજ ગળજીભીના રસની ભાવના તેની ગુણવત્તાને વધારે છે. જેથી હરસ-મસાના રોગની પીડા સત્વરે શાંત થઈ રાહત સાંપડે છે. આ ટીકડીના સેવન સાથે એક અસરકારક મરહમ જે હરસ-મસા ગુદરવિદાહ (ફીસર)ની બળતરાનું શાંતિદાયક લાભ આપે છે.

આ મરહમની બનાવટ પીડા-બળતરા તેમજ લોહી દુઝતા હરસ અને ગુદાના ચીરા (ફીસર)ને રુઝ લાવી મટાડે છે. દુઃખાવો, બળતરા અને ખજંવાળ માટે ખૂબ જ અસરકારક છે. પરંતુ લોહી અટકે છે અને હરસ મસા ધીમે-ધીમે ચીમળાઈ જાય છે. ભગંદરમાં આ મરહમનો ઉપયોગ રૂઝક ગુણ બતાવે છે.

આ ટીકડી અને મરહમનું લાંબા સમય સુધી ઉપયોગ ચાલુ રાખવાથી કાયમની રાહત થાય છે.

**(સંપૂર્ણ)**

# એક ન માની શકાય એવી સ્ટોરી : અભિનેતા અર્ચન ત્રિવેદી : I LOVE YOU



**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**



આપણે સૌ મૃત્યુનું નામ પડતા જ થરથર કાંપવા લાગીએ છીએ. કેમ કે મૃત્યુ કોઈને મંજુર નથી. આપણે સૌ જાણીએ છીએ કે મૃત્યુ એ આપણા સૌની અંતિમ મંઝિલ છે. એક વખત સૌએ ત્યાં જવાનું જ છે. છતાંય આપણે એના નામ માત્રથી ડરી જઈએ છીએ. જેટલું સન્માન આપણે જીવનને આપીએ છીએ એટલું સન્માન મૃત્યુને આપતા નથી. ખરેખર તો જીવનની જેમ મૃત્યુને પણ એટલો જ પ્રેમ કરવો જોઈએ. મૃત્યુનો સત્કાર એ જ જીવન જીવવાની સાચી જડીબૂટ્ટી છે.

આજે મારે એક એવા મહાન કલાકારની વાત કરવી છે કે જેમણે જીવનની જેમ મૃત્યુને પણ ભરપુર પ્રેમ કરીને પોતાને વશ કરી લીધું છે, અને હવે મૃત્યુ પણ એ કલાકારને પ્રેમ કરવા લાગ્યું છે.

છે ને નવાઈની વાત ?

એક બહુમૂખી પ્રતિભા ધરાવતા અભિનેતા અર્ચન ત્રિવેદીની આ કથા એકદમ સત્ય છે. પણ જો જીવનમાં સમજી ગયા તો આપણે પણ મૃત્યુને હરાવતા શીખી જઈશું. કેમ કે સકારાત્મકતા (પોઝિટિવીટી)ની કેટલી બધી તાકાત હોય છે એ પણ આપણે જાણી શકીશું.

આજથી લગભગ અડ:આરેક વર્ષ પહેલા ૧૬, નવેમ્બર, ૧૯૯૧ના રોજ અમદાવાદની સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગમાં ગુજરાતી રંગમંચ-ટીવી-ફિલ્મના અભિનેતા-ગાયક-દિગ્દર્શક અને બીજું ઘણું એવા અર્ચન ત્રિવેદીને અહીં દાખલ કરવામાં આવ્યા હતા અહીં કોઈ રંગમંચ નહોતો કે નહોતું કોઈ નાટકનું દશ્ય. આ રિયલ જિંદગીની કરૂણતાનું એક સંવેદનશીલ સાચું દશ્ય હતું.

મિત્ર શ્રી અર્ચન ત્રિવેદીને એક નહીં ત્રણ ત્રણ કેન્સર થયાં હતાં. કેન્સરનો આ ત્રિવેણી સંગમ કલાકારના જીવને કલા વિહીન કરવા તત્પર હતો. બ્લડનું કેન્સર, ફેફસાંની બાજુમાંનું એક કેન્સર અને અન્ય એક કેન્સર. કેન્સરના નિષ્ણાત ડો. પંકજ શાહે પછીથી અર્ચનને કહેલું કે આનંદ ફિલ્મમાં રાજેશ ખન્નાને જે કેન્સર થયાં હતાં, એ જ કેન્સર તને થયાં છે, ફરક માત્ર એટલો જ છે કે ફિલ્મમાં રાજેશ ખન્ના વિદાય લે છે, તારે તારી જિંદગીની રીયલ લાઈફમાં જીવવાનું છે.

એ વખતે આ કલાકારે કહેલું કે " યસ સર, મને કશું જ ના થાય. કેન્સરના દરદીની એક ભૂમિકા ભજવવાની છે એ ભજવીને આપણે તો તેમાંથી નીકળી જઈશું બહાર "

એક પછી એક અગિયાર ડોકટર અંદર આવ્યા. આ પેનલે અર્ચન ત્રિવેદીને બરાબર તપાસીને આ ત્રણ કેન્સરની વાત સગા સંબંધીઓની સમક્ષ રજુ કરી તો સૌની આંખમાં આંસુ આવી ગયા હતાં. આ એક સંવેદનશીલ દશ્ય હતું એક

૨૫ વર્ષના હોનાહાર યુવકને કેન્સરે પોતાના ભરડામાં લીધો હતો. જ્યારે આ કલાકારને ખબર પડી કે પોતાને કેન્સર છે ત્યારે તેણે ડોકટર સમક્ષ દલીલ કરી કે મને કેન્સર થાય જ નહીં, મને કેન્સર કેવી રીતે થાય હું પાન-મસાલા-ગૂટખા ખાતો નથી. અને હું ચ્હા-દૂધ પણ લેતો નથી. હું કોઈ પણ પ્રકારનું વ્યસન કરતો નથી તો પછી મને કેન્સર કેવી રીતે થાય.

ડોકટરે કહ્યું કે તમારી કસોટી કરવા માટે પણ કેન્સર થઈ શકે.

કદાચ ડોકટર સાચા હતા. અર્ચન ત્રિવેદી નામના આ કલાકારની અંદરની આંતરિક શક્તિને મજબૂત કરવા માટે જ તેમને કેન્સર થયું હતું.

એ વખતે તો અર્ચનભાઈ અને કેન્સરમાં કેન્સર વધારે મજબૂત લાગતું હતું અને તેની જ જીત થશે તેવું દેખાતું હતું, પણ કોઈ રહસ્યમય નાટકમાં અચાનક દશ્યપલટો થાય અને બાજી ફરી જાય તેવું અહીં પણ થયું. દશ્યો અદલાતાં-બદલાતાં રહ્યાં પણ જીવનનાયક અર્ચન ત્રિવેદીએ હુકમનું પાનું પોતાની પાસે જ રાખ્યું.

●●●

અચાનક અર્ચને ડો. પંકજભાઈ શાહને વિનંતી કરી કે મારાં તમામ સગાંને રૂમની બહાર મોકલો, હું આપની સાથે વાત કરવા માગું છું.

અને ડૉકટર દ્વારા એવું કરવામાં આવ્યું.

અર્ચન ત્રિવેદીએ ડોકટર સાહેબને વિનંતી કરી કે તમે મારાં સગાંને એમ કહો કે મને કેન્સર નથી, પણ ભારેમાયલો ટીબી થયો છે. એક વર્ષની સારવારમાં મટી જશે. ડોકટરે પૂછ્યું કે આવું કેમ કહેવું છે તો અર્ચને જવાબ આપ્યો કે મારા પિતા ગરીબ છે. તેઓ આટલી મોંઘી સારવાર નહીં કરાવી શકે. જો કરાવશે તો માથા પર દેવું કરીને કરાવશે, જે મને મંજૂર નથી.

ડોકટરે કહ્યું કે એ વાત બરાબર, પણ જો તારી સારવાર ના કરીએ તો તને શું થાય તેની ખબર છે?

અર્ચન હસતાં હસતાં કહે, 'ઉકલી જવાય, બીજું તો શું થાય! એનાથી તો વિશેષ કંઈ થવાનું નથી ને ?'

ડોકટર કહે ઉકલી ના જવાય મિત્ર, એનો ઉકેલ કઢાય. મેડિકલ સાયન્સ પાસે તેનો ઉકેલ છે. રાજેશ ખન્નાને આનંદ ફિલ્મમાં કેન્સર થયું ત્યારે આવી દવાઓ અને સારવાર નહોતી. હવે બધું છે. તારે જીવવાનું છે.

તો આ કલાકાર મિત્ર કહે, 'સાહેબ, એકદમ બરાબર છે. કેન્સર સામે જીતવાનું છે અને પછી જીવવાનું જ છે.'

આ કલાકારના આ એક વાક્યમાં જીવવાનો દઢ સંકલ્પ હતો, સકારાત્મક શક્તિનો સ્ત્રોત્ર હતો. એક નવી ચેતના હતી, ઊર્જા હતી. કેન્સર સામે લડવાનો મિજાજ હતો અને પોતે જીવશે જ એવો પાકો ભરોસો પણ હતો.

હવે જિંદગીના આ નવા જંગની બધી તૈયારી શરું થઇ ગઇ હતી. અર્ચનભાઈએ ઘરમાં ફરમાન બહાર પાડ્યું કે મારા બેડની ચાદર રોજેરોજ સમયસર બદલી જ નાખવાની. હું રોજેરોજ ઈસ્ત્રી ટાઈટ કપડાં જ પહેરીશ. કશું ઢીલું નહીં ચાલે. કેન્સર મહોદયને સહેજે અણસાર પણ ના આવવો જોઈએ કે મારો શિકાર ગભરાઈ ગયો છે. અને શરું કર્યું આવું નવું જીવન. કાર્યક્રમોમાં, નાટકો – ફિલ્મોમાં અભિનય અને અન્ય તમામ પ્રવૃતિ પૂરજોશમાં શરું કરી દીધી

અર્ચન ત્રિવેદી એટલે આમ જોઈએ તો પોઝિટિવીટીનો પહાડ. ગમે તેવા પડકારને ખમી લે તેવો. શરીરમાં ત્રણ ત્રણ પ્રકારનાં કેન્સર ઘર કરીને બેઠા હોય, ઉધઈની જેમ આ કલાકારના શરીરના જુદા જુદા ભાગમાં પ્રસરવા મથતાં હોય અને બીજી તરફ ડો. પંકજ શાહના નેતૃત્વમાં ડોકટરોની પેનલે સઘન સારવાર શરૃ કરી દીધેલી. પરંતુ આ કલાકારે તો એક વખત ડો. પંકજ શાહને કહ્યું કે હું દવાઓ લેવાનો કાયર માણસ છું, પણ જો તમે

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ૨૦૧૭ ટુ ૨૦૧૮ : રીવ્યુ થી પ્રિવ્યુ ...!

**રજળપાટ**
**અજય ઉપાધ્યાય**



૨૦૧૭ નો આજે છેલ્લો દિવસ છે ...આવતીકાલથી શરુ થઈ જશે વર્ષ ૨૦૧૮ ... નવું વર્ષ ... નુતન વર્ષ ...નવું કેલેન્ડર...નવી આશાઓ ...નવા સપનાઓ ...! સમય એની રીતે ચાલતો રહેતો હોય છે અને એ સમયની ગતિને કોઈ રોકી શકે એમ છે નહિ પણ એજ એ વી ધ ગુજરાતી આપણે ગયેલા સમય અને આવનારા સમય બંનેનું પિષ્ટપીંજણ કરવા માટે સમાન ઉત્સાહી રહેવાના જ ....બીકોઝ સરવૈયું કરવું આપણી આદત છે ..! દરેક નવી વસ્તુ ...સમય ...વ્યક્તિ...નવી આશાઓ, નવા ઉમંગો અને નવું ભવિષ્ય લઈને આવે છે અને ઓફ કોર્સ આપણે આ નવીનતા પ્રત્યે સ્વાભાવિકપણે ઉત્સાહિત હોવાના જ ... આખિર નયા જો હૈ ...! ૨૦૧૭ માં શું મેળવ્યું અને શું ગુમાવ્યું એની ચર્ચા અને ચિંતન બધા પોતપોતાની રીતે કરવાના જ અને સાથે સાથે ૨૦૧૮ માં શું મળી શકે છે ઓર શું નવીન થઈ શકે છે એના વિષે પણ એટલા જ એક્સાઈટેડ હોવાના જ તો લેટ્સ સ્ટાર્ટ બીત ગઈ સો બાત ગઈ ને બદલે એક લટાર બીતે હુયે લમ્હોમે ઓર સાથ સાથ એક નજર ઉમ્મીદોવાલી કલ ઉપર પણ ...!

વિરાટ-અનુષ્કાની શાદી ડેફીનેટલી ૨૦૧૭ ની મોટી ઘટના રહી. વિરુશ્કા ના વેડીંગે ૨૦૧૭ માં બનેલી અનેક ગમખ્વાર ઘટનાઓનો ગમ થોડીવાર માટે ભુલાવી દીધો. આ સેલીબ્રીટી શાદીમાંથી પરવારીને વિરુશ્કા સાઉથ આફ્રિકાની ટ્રીપ પર નીકળી ગયા છે જ્યાં વિરાટ એન્ડ કંપનીની આકરી કસોટી થવાની છે. જાહેરાતમાં આવે છે એમ ' પચ્ચીસ સાલ ' નો બદલો વિરાટ લઈ શકે છે કેમ કે પછી અગાઉ થયું છે એમ અનુષ્કાની હાજરીમાં વિરાટની નૈયા ફરી એકવાર સાઉથ આફ્રિકન સી માં ડૂબે છે એ ૨૦૧૮ ની મોટી સ્ટોરી બની રહેવાની. વિરાટ એન્ડ કંપની અને ટીમ ઈન્ડીયા આખું ૨૦૧૭ રમતના ન્યુઝમાં છવાય રહ્યા તો એ જ રીતે ૨૦૧૭ ના બીજા મોટા ન્યુઝ મેકર બની રહ્યા નરેન્દ્ર મોદી ..! વર્ષના અંતે ગુજરાત વિધાનસભાની વૈતરણી પાર કરાવીને મોદી એ ફરી એકવાર લોકોને પોતાના 'મન કી બાત'પર વિશ્વાસ મુકતા કર્યા ...! યોગી આદિત્યનાથ નો યુપીમાં, નિર્મલા સીતારામનનો કેબિનેટમાં, રૂપાણી-નીતિન પટેલ નો ગુજરાતમાં તો જીગ્નેશ-હાર્દિક-અલ્પેશનો ગુજરાત રાજકારણમાં થયેલા ઉદય પર ૨૦૧૮ માં પોલીટીકલ પંડિતોની નજર રહેશે, તો દેર આયે દુરસ્ત આયે ની જેમ રાહુલબાબા એ પણ ગુજરાત ઈલેકશનમાં પોતાના બદલા બદલા તેવર થી બધાને આશ્ચર્યચકિત કર્યા એટલું જ નહિ પણ કોંગ્રેસ પાર્ટીના પ્રમુખપદ પર બિરાજમાન થઈને ભાજપ ને ' ટફ ફાઈટ ' આપવાનું પ્રોમિસ પણ કર્યું ...! ૨૦૧૮મા આવનારી અનેકો મહત્વપૂર્ણ રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીમાં આ મોદી વર્સીસ રાહુલ ફાઈટ જોવી રસપ્રદ રહેવાની એ સ્યોર...!

૨૦૧૮ માં રસપ્રદ તો એ પણ રહેશે કે આપણા મુકાભાઈ નું જીઓ મોબાઈલ સેક્ટરમાં કેટલા ગાબડા પાડે છે ...! જી હા ૨૦૧૭ મોબાઈલ અને ટેલીકોમ સેક્ટરમાં ચોક્કસપણે રિલાયન્સ અને જીઓ ને નામ રહ્યું. ચીરીને રૂપિયા લેતી વોડાફોન, આઈડિયા જેવી બધી જ કંપનીઓને ઘુટણ ટેકવા જીઓ એ મજબુર કર્યા પણ હવે ૨૦૧૮મા ' મફત સેવા ' બંધ થયા પછીથી એ જ દમામ ચાલુ રહે છે કે નહિ એના પર જીઓ નું જીવન નિર્ભર છે ...! તો એ જ રીતે ૨૦૧૭મા સરકારે લોકોને વધુ ને વધુ ' આધાર ' નિર્ભર કરવાનો પ્રયત્ન કર્યો, આખું ૨૦૧૭ ચારેકોર આધાર-આધાર ગુંજતું રહ્યું, લોકોને તો સપનામાં પણ ' લીંક યોર આધાર ' દેખાવા માંડ્યું ...! ૨૦૧૮મા એ આધાર વધુ ગુંજતું થવાનું એ નક્કી છે...લીંક યોર આધાર નાવ્વ્વવ્વ્વ !' આધાર સિવાયની વાત કરીએ તો જુલાઈથી લાગુ થયેલ જી.એસ.ટી. ની કાગારોળ ૨૦૧૮મા પણ ચાલુ રહેવાની એ નક્કી છે .૨૦૧૭ માં દિલ્હી અમદાવાદ જેવા શહેરોમાં પ્રદુષણ ડેન્જર લેવલ ને પણ પાર કરી ચુક્યું એ જ ખતરનાક પ્રદુષણ ની ચિંતા અને બીક ૨૦૧૮ માં પણ ચાલુ રહેવાની એ પણ નક્કી છે કેમકે હજુ સુધી તો વધતા પ્રદુષણ ને રોકવા ' દિવાળીમાં ફટાકડા ફોડવાની મનાઈ 'સિવાય કોઈ અસરકારક ઉપાયો કારગત નથી નીવડ્યા કે અજમાવાયા ..!!!

૨૦૧૭મા દેશને નવા રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ મળ્યા તો ગૌરી લંકેશ જેવાની હત્યાથી ફરી એકવાર ' રાઈટ ટુ સ્પીક ' ચર્ચામાં રહ્યું. નોટબંધી ઓલ્મોસ્ટ એક વર્ષ પછી પણ ચર્ચામાં અને ચૂંટણી પ્રચારોમાં રહ્યું તો કુંબલે-કોહલી વિવાદ, ગુહા નું રાજીનામું અને અનુરાગ ઠાકુરની હાકલપટ્ટીથી ક્રિકેટ ચર્ચામાં રહ્યું. વર્ષના અંતમાં ફરી એકવાર સીમા પાર કરેલી સર્જીકલ સ્ટ્રાઈકથી સેના અને સરકાર બંને સુર્ખીયોમાં રહ્યા અને પાડોશી દેશ પાકિસ્તાનની ચાલુ રહેલી હરકતો જોતા ૨૦૧૮મા પણ સર્જીકલ સ્ટ્રાઈક અને સેના ની સાથે સાથે સરકાર પણ હેડલાઈન્સમાં રહેશે જ ...!!! વર્ષ ૨૦૧૭મા પંજાબ, ગોવા, ઉતરાખંડ, યુપી,મણીપુર થી શરુ થયેલી ચૂંટણી યાત્રા અંતમાં હિમાચલ અને ગુજરાત વિધાનસભાના પરિણામો સાથે પૂરી થઈ જેમાં ૯ માંથી ૬ રાજ્યોમાં પોતાની સરકાર બનાવીને બીજેપી એ ' કોંગ્રેસ મુક્ત ભારત ' અભિયાન આગળ ધપાવ્યું જે ૨૦૧૮મા પણ ચાલુ રહેવાની પૂરી શક્યતા છે...!

૨૦૧૭મા ખાન ત્રિપુટી નો જાદુ ઓછો થયો. શાહરૂખની સેજલ હેરી ને ખાસ મળી નહિ તો રઈસે પણ કઈ માલદાર બનાવ્યા નહિ, સામે આમીરની સુપરસ્ટાર સિક્રેટ ઓડીયન્સે જ જોઈ તો ' ટ્યુબલાઈટ 'ની નિષ્ફળતાથી જોખમમાં આવી ગયેલા સલ્લુંભાઈના સ્ટારડમને ૨૦૧૭ના એન્ડમાં 'ટાઈગર'ની ત્રાડથી નવું જીવતદાન મળ્યું. ખાનની ખોટ અક્ષયે ટોઈલેટ અને જોલીથી ભરપાઈ કરી તો વરુણ ની દિલવાલે અને જુડવા અને ડબ્બડ બાહુબલી એ મેદાન માર્યું. ન્યુટન અને ટ્રેપ, મુક્તિ ભવન અને હિન્દી મીડીયમ જેવી સારી ફિલ્મો પણ આવી. ૨૦૧૭ માં જેની આવવાની આશા હતી એ પદ્માવતી ૨૦૧૮મા આવશે કે નહિ એની ચિંતા સંજય કરતા બોલીવુડને વધુ સત્તાવતી હશે અને જો પદ્માવતી અટવાઈ જશે તો પણ ૨૦૧૮મા અક્ષય ' પેડમેન ', હોકી પ્લેયર બલબીરસિંહ ની સ્ટોરી કહેતી ' ગોલ્ડ' અને 'રોબોટ ૨.૦' થી છવાયેલો રહેશે તો અવકાશયાત્રી રાકેશ શર્માની બાયોપિક ' ચંદામામા દુર કે ', સંજય દત્તની બાયોપીક ' સંજ', આમીર-અમિતાભ ની ' ઠગ્સ ઓફ હિન્દુસ્તાન ' અને પોખરણ પરમાણુ ધડાકા પર આધારિત 'પરમાણુ' જેવી ફિલ્મો ચર્ચામાં રહેશે ...!

ડ્રાઈવર વગરની કાર ૨૦૧૮મા દોડતી નજરે પડવાની છે એવામાં ઈલેક્ટ્રિક કારો તો બજારમાં લોન્ચ થવામાં જ છે તો આઈફોન એક્સ થી ગુમાવેલી આબરૂ અને બાઝાર બંને પરત મેળવવા એપલ નવા ફોનમાં શું

**અનુસંધાન પાના નં. ૭ પર**